## સંવેદનશીલ ગુજરાતની કેટલીક યુનિવર્સિટીઓના અભ્યાસક્રમો

સંવેદનશીલ ગુજરાત તેના બુધ્ધિધનથી ભારતવર્ષમાં જ નહીં, પણ સમગ્ર વિશ્વમાં પ્રસિધ્ધ છે. આપણા ગરવા ગુજરાતમાં મેનેજમેન્ટ, ટેકનોલોજી તેમજ રિસર્ચની વૈશ્વિક કક્ષાની ઈન્સ્ટિટ્યૂટસ આવેલી છે. ઉપરાંત આપણું ગુજરાત રાજ્ય સંસ્કૃત યુનિવર્સિટી, ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, રક્ષા શક્તિ યુનિવર્સિટી, ફોરેન્સિક્સ યુનિવર્સિટી, પેટ્રોલિયમ યુનિવર્સિટી, યોગા યુનિવર્સિટી, ટિચર્સ યુનિવર્સિટી, સ્ટાર્ટ - અપ યુનિવર્સિટી, પબ્લિક હેલ્થ યુનિવર્સિટી, સ્પોટર્સ યુનિવર્સિટી, સ્કિલ યુનિવર્સિટી, સ્ટેટ ઓપન યુનિવર્સિટી તેમજ તાજેતરમાં જ સ્થપાયેલી રેલવે યુનિવર્સિટી વગેરે જેવી વિવિધતાસભર યુનિવર્સિટી ધરાવે છે. જે પૈકીની કેટલીક સમથીંગ ડિફરન્ટ - હટકે યુનિવર્સિટીની થોડીક જાણકારી મેળવી લઈએ, તો ભારતના ભાવી સમાન વિધાર્થી મિત્રો તૈયાર છો ને ? તો જાણે ગુજરાતની ગૌરવરૂપ કેટલીક યુનિવર્સિટીઓ

### 1. રેલવે યુનિવરર્સિટી : (NRTI-National Rail and Transportation Institute)

ગુજરાતના ગૌરવ સમાન વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના વિઝનરૂપે વર્ષ 2018 માં સમગ્ર ભારતની પ્રથમ અને એકમાત્ર એવી રેલવે યુનિવર્સિટીની વડોદરા ખાતે કેન્દ્રીય રેલવે મંત્રીશ્રી પિયુષ ગોયલે અને સંવેદનશીલ ગુજરાતના મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી દ્વારા સમગ્ર દેશને ભેટ અપાઈ છે.

પ્રસ્તુત યુનિવર્સિટીમાં હાલમાં બે અભ્યાસક્રમો શરૂ થઈ ચૂક્યા છે. (1) B.Sc. ઈન ટ્રાન્સપોર્ટેશન ટેકનોલોજી અને (2) B.B.A. ઈન ટ્રાન્સપોર્ટ મેનેજમેન્ટ. જેમાં B.Sc. માં એડ્મીશન માટે લાયકાત ધોરણ : 12 / HSC વિજ્ઞાનપ્રવાહ લઘુત્તમ 55% સાથે પાસ (અનામત વર્ગ માટે 50%) ની છે. જ્યારે B.B.A. માં એડ્મીશન માટે ધોરણ : 12 / HSC મેથેમેટિક્સ અથવા સ્ટેટેસ્ટિક્સ સાથે લઘુત્તમ 55% સાથે પાસ (અનામત વર્ગ માટે 50%) ની છે. અત્રે ઉલ્લેખનીય છે, કે સરકારશ્રીએ પ્રથમ વર્ષે અભ્યાસક્રમની ફીમાં તમામ વિધાર્થીઓને 50% ની સ્કોલરશીપ પણ જાહેર કરી છે.

### 2 પબ્લિક હેલ્થ યુનિવરર્સિટી : (IIPH - ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ પબ્લિક હેલ્થ)

આ યુનિવર્સિટીની સ્થાપના ગાંધીનગર ખાતે વર્ષ 2015 માં કરવામાં આવી હતી. આ યુનિવર્સિટી પણ રેલવે યુનિવર્સિટીની જેમ સમગ્ર ભારત દેશમાં આ પ્રકારની પહેલી યુનિવર્સિટી છે. આમ આપણા ગુજરાત રાજ્ય માટે રેલવે યુનિવર્સિટીની જેમ પબ્લિક હેલ્થ યુનિવર્સિટી પણ ગૌરવરૂપ છે.

જો કોઇ વિધાર્થી ભણી - ગણીને ડૉક્ટર થવાનું સ્વપ્ન પૂરુ ન કરી શકે, તો આ યુનિવર્સિટીના અભ્યાસક્રમો (1) M.P.H. (માસ્ટર ઈન પબ્લિક હેલ્થ) અથવા (2) M.H.A. (માસ્ટર ઈન હોસ્પીટલ એડ્મીનીસ્ટ્રેશન) કરીને ડૉક્ટર જેવી રહેણી - કરણી જીવી શકે છે ! આ બન્ને

---

યુવા $T_{20}$  સમગ્ર ભારતની પ્રથમ રેલવે યુનિવર્સિટી ગુજરાતમાં સ્થપાઈ છે.

અભ્યાસક્રમો ગ્રેજ્યુએશન બાદના બે વર્ષની મુદ્દત ધરાવતા માસ્ટર ડિગ્રી અભ્યાસક્રમો છે.

ઉપરોક્ત અભ્યાસક્રમો ઉપરાંત 1 વર્ષનો પોસ્ટ ગ્રેજ્યુએશન ડિપ્લોમા ઈન પબ્લિક હેલ્થ મેનેનજમેન્ટનો અભ્યાસક્રમ પણ પ્રસ્તુત યુનિવર્સિટી દ્વારા ચલાવવામાં આવે છે. ઉપરાંત આ યુનિવર્સિટી કેટલાંક e-કાર્યક્રમો અને ટૂંકાગાળાની ટ્રેનીંગ પણ પૂરા પાડે છે.

પબ્લિક હેલ્થ યુનિવર્સિટી M.B.B.S. ડૉક્ટર્સ માટે AFIH (એસોસીએટેડ ફેલો ઓફ ઈન્ડસ્ટ્રીયલ હેલ્થ) નો અભ્યાસક્રમ પણ ચલાવે છે. વળી પ્રસ્તુત યુનિવર્સિટી ગર્વનમેન્ટ હેલ્થ ઓફિસરોને ટૂંકાગાળાની ટ્રેનીંગ આપી ચૂકી છે. ઉપરાંત આ યુનિવર્સિટી, હાવર્ડ યુનિવર્સિટીના સહયોગથી એન્વાયરમેન્ટલ હેલ્થનો ટૂંકાગાળાનો અભ્યાસક્રમ ટૂંક સમયમાં શરૂ કરનાર છે.

## 3. રક્ષા શક્તિ યુનિવર્સિટી :

રક્ષા શક્તિ યુનિવર્સિટીએ સમગ્ર ભારતની સૌપ્રથમ આંતરિક સુરક્ષા અને પોલિસ યુનિવર્સિટી છે. સમાજમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા, શાંતિ અને સુસંવાદિતા સુનિશ્ચિત કરવા પોલીસ અને સુરક્ષાતંત્ર મહત્વના છે. પોલીસ અને બીજા સુરક્ષાદળોની માંગને પહોંચી વળવા તેમજ ત્રાસવાદ, સાયબર ક્રાઈમ, સંદેશાવ્યવહાર, આર્થિક ગુનાઓ જેવા પડકારોને પહોંચી વળવાના હેતુથી ગુજરાત રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ તેની સ્થાપના કરી હતી.

આ યુનિવર્સિટીમાંથી વિવિધ અભ્યાસક્રમો પૂર્ણ કરનારા વિધાર્થી ભાઇ - બહેનોને ગુજરાત સરકાર દ્વારા પોલીસ કેન્સ્ટેબલ, પોલીસ સબ ઈન્સ્પેક્ટર વગેરે ભરતીમાં વધારાના ગુણ આપીને અગ્રતા અપાય છે. આથી ભવિષ્યમાં પોલીસ ફિલ્ડના વિવિધ હોદ્દાઓ ઉપર કારકિર્દી બનાવવા ઈચ્છૂકોને રક્ષા શક્તિ યુનિવર્સિટીના અભ્યાસક્રમો કરવાનું સૂચન છે. રક્ષા શક્તિ યુનિવર્સિટી દ્વારા ડિપ્લોમા ઈન પોલીસ સાયન્સ, B.A. ઈન સિક્યોરિટી મેનેજમન્ટ, M.A. ઈન પોલીસ એડ્મિનીસ્ટ્રેશન, LL.M. ઈન ક્રાઈમ એન્ડ સિક્યોરિટી લૉ, M.Phil, Ph.D. જેવા અભ્યાસક્રમો ચલાવે છે.

## 4. સ્વર્ણિમ ગુજરાત સ્પોટર્સ યુનિવર્સિટી (SGSU) :

સ્વર્ણિમ ગુજરાત સ્પોટર્સ યુનિવર્સિટીએ ગુજરાત રાજ્યની સૌ પ્રથમ સ્પોટર્સ યુનિવર્સિટી છે. જેની સ્થાપના વર્ષ 2011 માં થઇ હતી. વળી, તે વિશ્વ કક્ષાના સંગઠન એવા 'ઈન્ટરનેશનલ એસોશીએશન ઓફ ફિઝીકલ એજ્યુકેશન એન્ડ સ્પોટર્સ યુનિવર્સિટીઝ' નું સભ્યપદ ધરાવતી હોય, તેવી સમગ્ર ભારતની સૌ પ્રથમ અને એકમાત્ર યુનિવર્સિટી છે.

પ્રસ્તુક યુનિવર્સિટીમાં સર્ટિફિકેશન અભ્યાસક્રમો, ડિપ્લોમા અભ્યાસક્રમો, ડિગ્રી અભ્યાસક્રમો, પોસ્ટ ગ્રેજ્યુએશન ડિપ્લોમા અભ્યાસક્રમો તેમજ માસ્ટર ડિગ્રી અભ્યાસક્રમો ચલાવવામાં આવે છે.

---

યુવા $T_{20}$  સમગ્ર ભારતની પ્રથમ પબ્લિક હેલ્થ યુનિવર્સિટી ગુજરાતમાં સ્થપાઈ છે !

આ યુનિવર્સિટીમાંથી વિવિધ અભ્યાસક્રમો કરીને વિદ્યાર્થી ભાઇ - બહેનો ખેલાડી જ નહીં પણ કોચ, રેફરી / એમ્પાયર, સ્કોરર, કોમેન્ટેટર, ફિઝીકલ એજ્યુકેશન / સ્પોર્ટ્સ ટીચર, સ્પોર્ટ્સ જર્નાલિસ્ટ, સ્પોર્ટ્સ ફોટોગ્રાફર, સ્પોર્ટ્સ ઓફિસર, સ્પોર્ટ્સ રિસચર, ફિટનેશ ટ્રેનર વગેરે બની શકે છે. એટલું જ નહીં પણ વિવિધ સ્પોર્ટ્સ ગુડ્ઝનો ધંધો - વ્યવસાય પણ કરી શકે છે !

## 5. ગુજરાત ફોરેન્સિક્સ સાયન્સ યુનિવર્સિટી (GFSU) :

આ ફોરેન્સિક્સ સાયન્સ યુનિવર્સિટીએ ગુજરાત રાજ્ય કે ભારત દેશની જ નહીં, પણ સમગ્ર વિશ્વની સૌ પ્રથમ અને એકમાત્ર ફોરેન્સિક્સ સાયન્સ યુનિવર્સિટી છે ! દેશના વિવિધ ક્ષેત્રોના તજજ્ઞોની માંગને આધારે સ્વપ્નદૃષ્ટા એવા તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના દૂરંદેશીપણાને કારણે ગુજરાત રાજ્યને આ યુનિવર્સિટીની ભેટ મળી છે. આ યુનિવર્સિટીની સ્થાપના 10 ઓક્ટોબર, 2011 ના રોજ કરવામાં આવી હતી. પ્રસ્તુત યુનિવર્સિટીમાં M.Sc., M.B.A., પોસ્ટ ગ્રેજ્યુએશન, ડિપ્લોમા અભ્યાસક્રમો, M.Tech, M.Pharm, M.Phil તેમજ Ph.D. કક્ષાના અભ્યાસક્રમો ચલાવવામાં આવે છે.

આ યુનિવર્સિટીમાં ફોરેન્સિક્સ સાયન્સ, સાયબર સિક્યોરિટી, ડિજીટલ ફોરેન્સિક્સ એન્ડ ઇન્ફોર્મેશન સિક્યોરિટી, ફોરોન્સિક્સ સાયકોલોજી, ન્યૂરો સાઇકોલોજી, ક્રિમીનોલોજી, ક્લિનીકલ સાયકોલોજી, ફોરોન્સિક્સ સાયકોલોજી વગેરે જેવા વિષયોમાં M.Sc. ના અભ્યાસક્રમો ચલાવવામાં આવે છે. વળી ક્લિનીકલ સાયકોલોજી, ફોરોન્સિક્સ સાયકોલોજી વગેરે જેવા વિષયોમાં M.Phil તેમજ Ph.D. ની સુવિધા પણ મળે છે. અહીં ટૂંકા સમયગાળાનો પોસ્ટ ગ્રેજ્યુએશન અભ્યાસક્રમો તેમજ M.Tech અને M.Pharm. ના અભ્યાસક્રમો પણ ઉપલબ્ધ છે. ઉપરાંત આ યુનિવર્સિટીમાં ફોરોન્સિક્સ એકાઉન્ટીંગ હોસ્પીટલ એન્ડ હેલ્થકેર મેનેજમેન્ટ, હોમલેન્ડ સિક્યોરિટી વગેરે જેવા વિષયોમાં M.B.A. ના અભ્યાસક્રમો પણ આ યુનિવર્સિટી દ્વારા પૂરા પાડવામાં આવે છે.

## 6. શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી :

વિશ્વનું સૌથી સમૃધ્ધ સાહિત્ય સંસ્કૃત ભાષામાં રહેલું છે. સંસ્કૃત ભાષાએ દેવભાષા છે અને વિશ્વની મોટાભાગની ભાષાઓ સંસ્કૃત ભાષા પરથી જ ઉતરી આવેલી છે. આમ, સંસ્કૃત ભાષાએ વિશ્વની ઘણીખરી ભાષાઓની જન્મદાતા ભાષા છે. તે કમ્પ્યૂટર ફ્રેન્ડલી ભાષા છે. કમ્પ્યૂટર ભાષાની વિશેષતાઓને કારણે વિશ્વના વિકસીત દેશો પણ સંસ્કૃત ભાષા શીખવા લાગ્યા છે. આથી મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ 20મી જૂલાઈ 2006 ના રોજ વેરાવળ ખાતે શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીની સ્થાપના કરી છે.

---

યુવા $T_{20}$  રક્ષા શક્તિ યુનિવર્સિટી એ સમગ્ર ભારતની સૌ પ્રથમ આંતરિક સુરક્ષા અને પોલીસ યુનિવર્સિટી છે ! GFSU એ સમગ્ર ભારતની જ નહિં પણ સમગ્ર વિશ્વની સૌ પ્રથમ અને એક માત્ર ફોરેન્સિક્સ યુનિવર્સિટી છે.



Sample output to test PDF Combine only

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીમાં સંસ્કૃત ભાષાનું શિક્ષણ આપવા ઉપરાંત સંસ્કૃત માધ્યમમાં શિક્ષણ આપવામાં આવે છે ! આ યુનિવર્સિટીના અભ્યાસક્રમોમાં ઘણી વિવિધતા જોવા મળે છે. અહીં સર્ટિફીકેટ અભ્યાસક્રમો, ડિપ્લોમા અભ્યાસક્રમો, ડિગ્રી અભ્યાસક્રમો, માસ્ટર ડિગ્રી અભ્યાસક્રમો, M.Phil તેમજ Ph.D. કક્ષાના અભ્યાસક્રમો ઉપલબ્ધ છે. અહીં ડિગ્રી કક્ષાના અભ્યાસક્રમોને 'શાસ્ત્રી' માસ્ટર ડિગ્રી અભ્યાસક્રમોને 'આચાર્ય', M.Phil કક્ષાના અભ્યાસક્રમોને 'તત્વાચાર્ય' તેમજ Ph.D. કક્ષાના અભ્યાસક્રમોને 'વિદ્યાપરિધી' નામે ઓળખવામાં આવે છે.

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીઓના અભ્યાસક્રમોની વિવિધતા ઉપરાંત તેના અભ્યાસક્રમોના વિષયોની પણ વિવિધતા જોવા મળે છે. જેમકે પ્રસ્તુત યુનિવર્સિટીમાં યોગ, કર્મકાંડ વગેરે જેવા વિષયોમાં સર્ટિફીકેટ અભ્યાસક્રમો ઉપલબ્ધ છે. તદઉપરાંત યોગ, વાસ્તુશાસ્ત્ર, કર્મકાંડ, જ્યોતિષશાસ્ત્ર સંસ્કૃત / શિક્ષણ, ટેમ્પલ મેનેજમેન્ટ જેવા વિષયોમાં ડિપ્લોમા અભ્યાસક્રમ ઉપલબ્ધ છે. જ્યારે ડિગ્રીકક્ષાના અભ્યાસક્રમો એટલે કે શાસ્ત્રીના અભ્યાસક્રમમાં સમાવેશ થાય છે. તેજ પ્રમાણે આ વિષયોને આધારે M.Phil. એટલે કે તત્વાચાર્ય તેમજ Ph.D. એટલે કે વિદ્યાપારિધીના અભ્યાસક્રમોનો પણ સમાવેશ થાય છે.

**7.`**

વર્ષ 2009માં ગાંધીનગર ખાતે ચિલ્ડ્રન્સ યુનિર્સિટીની સ્થાપના થઇ હતી. જેની સ્થાપનામાં તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીની દિર્ઘદૃષ્ટિ જવાબદાર હતી. હાલમાં પ્રસ્તુત યુનિવર્સિટીએ સ્થાપેલા 12 તપોધન રિસર્ચ સેન્ર્સ ઘણી સારી કામગીરી કરી રહ્યા છે.

ચિલડ્રન્સ યુનિવર્સિટી દ્વારા 4 પ્રકારના સર્ટીફીકેટ અભ્યાસક્રમો, પોસ્ટ ગ્રેજ્યુએશન ડિપ્લોમા કક્ષાના અભ્યાસક્રમો, ગ્રેજ્યુએશન / સ્નાતક કક્ષાના અભ્યાસક્રમ, 3 પોસ્ટ ગ્રેજ્યુએશન અભ્યાસક્રમો, 2 વિષયોમાં M.Phil અને 2 વિષયોમાં Ph.D. અભ્યાસક્રમો ચાલે છે. જેમાં સર્ટિફીકેટ અભ્યાસક્રમો ટૂંકાગાળાના, પોસ્ટ ગ્રેજ્યુએશન ડિપ્લોમા 1 કે 2 વર્ષની, સ્નાતક / ડિગ્રી કક્ષાના અભ્યાસક્રમો 3 વર્ષની, પોસ્ટ ગ્રેજ્યુએશન / માસ્ટર ડિગ્રી અભ્યાસક્રમો 2 વર્ષની તેમજ ડબલ ગ્રેજ્યુએશન અભ્યાસક્રમો 2 વર્ષની મુદત ધરાવતા હોય છે.

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા B.Sc. ઈન ફુડ એન્ડ ન્યૂટ્રીશીયન, M.A. ઈન ચાઈલ્ડ સાઈકોલોજી, M.A. ઈન એજ્યુકેશન, M.A. ઈન ઈંગ્લીશ, M.Phil / Ph.D. ઈન એજ્યુકેશન, M.Phil / Ph.D. ઈન સાયકોલોજી, M.S.W. વગેરે જેવાં અભ્યાસક્રમો પૂરા પાડવામાં આવે છે.

---

યુવા $T_{20}$  સ્વતંત્ર ભારતના પ્રથમ ગૃહ પ્રધાન શ્રી સરદાર પટેલે 13મી નવેમ્બર, 1947ના રોજ દેશમાં સંસ્કૃત યુનિવર્સિટીનો સંકલ્પ કર્યો હતો. આપણા ગુજરાત રાજ્યમાં તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ તા. 05/02/2007ના રોજ શ્રી સોમનાથ યુનિવર્સિટીના મુખ્યભવનનું લોકાપર્ણ કરાયું હતું.



Sample output to test PDF Combine only

## 8. ટીચર્સ યુનિવર્સિટી (IITE - ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટિચર એજ્યુકેશન) :

આપણા ગુજરાત રાજ્યમાં વર્ષ 2010માં ગાંધીનગર ખાતે ટીચર્સ યુનિવર્સિટી સ્થાપના તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ કરી હતી. ભવિષ્યમાં શિક્ષણક્ષેત્રમાં કારકિર્દી બનાવવા ઈચ્છૂકો કે જેઓ શાળા કક્ષાએ માધ્યમિક શિક્ષક બનવા ઈચ્છૂક હોય, તેઓ માટે ટીચર યુનિવર્સિટીના અભ્યાસક્રમો આદર્શ વિકલ્પ બને છે. પ્રસ્તુત યુનિવર્સિટીના અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા માટે પ્રવેશ કસોટી આપવી પડે છે. પ્રવેશ કસોટીમાં મેરીટમાં પ્રથમ 5 ક્રમાકે આવનાર વિદ્યાર્થી ભાઈઓ -બહેનોને ` 35,000ની વાર્ષિક સ્કોલરશીપ પ્રાપ્ત થાય છે.

પ્રસ્તુત યુનિવર્સિટી દ્વારા ચલાવાતા અભ્યાસક્રમોમાં 4 વર્ષના ઈન્ટિગ્રેટેડ અભ્યાસક્રમો B.A. + B.Ed. અને B.Sc. + B.Ed. તેમજ 2 વર્ષની મુદત ધરાવતા M.Ed., 3 વર્ષની મુદ્દત ધરાવતા M.A. + M.Ed. તેમજ 3 વર્ષની મુદ્દત ધરાવતા M.Sc. + M.Ed. ના અભ્યાસ્ક્રમોનો સમાવેશ થાય છે. સામાન્ય રીતે B.A. અથવા B.Sc. ના અભ્યાસક્રમના 3 વર્ષ તેમજ B.Ed. ના અભ્યાસક્રમના 2 વર્ષ એમ કુલ મળીને 5 વર્ષમાં B.A. / B.Sc. કે B.Ed. નું ડબલ ગ્રેજ્યુએશન વિદ્યાર્થીઓને પ્રાપ્ત થયું હોય છે. જ્યારે અહીં B.A. + B.Ed. અથવા B.Sc. + B.Ed. 4 વર્ષમાં પ્રાપ્ત થતું હોવાથી એક વર્ષના અમૂલ્ય સમયની બચત થાય છે.

પ્રસ્તુત યુનિવર્સિટી B.A. + B.Ed. ના અભ્યાસક્રમની 100 બેઠકો તેમજ B.Sc. + B.Ed. અભ્યાસક્રમ ની 100 બેઠકો ધરાવે છે. B.A. + B.Ed. ના અભ્યાસક્રમોમાં અંગ્રેજી, ગુજરાતી, હિન્દી, સંસ્કૃત, ઈતિહાસ, ભૂગોળ તેમજ અર્થશાસ્ત્રનો સમાવેશ થાય છે. જ્યારે B.Sc. + B.Ed. ના અભ્યાસક્રમોમાં મેથ્સ, ફિઝિક્સ, કેમેસ્ટ્રી, ઝુઓલોજી તેમજ બોટનીનો સમાવેશ થાય છે.

પ્રસ્તુત યુનિવર્સિટીએ તાજેતરમાં M.A. (અંગ્રેજી, ગુજરાતી, હિન્દી, સંસ્કૃત, ઈતિહાસ, ભુગોળ તેમજ અર્થશાસ્ત્ર) + M.Ed. નો 3 વર્ષનો અભ્યાસક્રમ અને M.Sc. (મેથ્સ, ફિઝીક્સ, કેમેસ્ટ્રી, ઝુઓલોજી તેમજ બોટની) + M.Ed. નો 3 વર્ષનો અભ્યાસક્રમ જાહેર કર્યો છે. આ બંને પ્રકારના અભ્યાસક્રમો સમગ્ર દેશમાં માત્ર બે સ્થળોએ ચાલે છે. જેમાંથી એક આપણા ગુજરાત રાજ્યની આ યુનિવર્સિટી છે ! આ બંને અભ્યાસક્રમોની કુલ મળીને 50 બેઠકો છે. આમ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષક / અધ્યાપક બનવા ઈચ્છૂક વિદ્યાર્થી ભાઈ - બહેનો એક વર્ષના અમૂલ્ય સમયની બચત થાય છે ! ઉપરાંત પ્રસ્તુત યુનિવર્સિટી 2 વર્ષનો M.Ed. નો અભ્યાસક્રમ પણ ચલાવે છે.

---

યુવા $T_{20}$  વર્ષ 2010માં સ્થપાયેલી IITE એ સમગ્ર ભારતની આ પ્રકારની યુનિવર્સિટીઓમાં સૌ પ્રથમ યુનિવર્સિટી છે ! M.A. + M.Ed. કે M.Sc. + M.Ed. અભ્યાસક્રમો સમગ્ર ભારતમાં અત્યારે માત્ર બે સ્થળોએ ચલાવવામાં આવે છે, જેમાનું એક IITE છે !



Sample output to test PDF Combine only

## 9. પેટ્રોલિયમ યુનિવર્સિટી (PDPU - પંડિત દિનદયાળ પેટ્રોલિયમ યુનિવર્સિટી :

પંડિત દિનદયાળ પેટ્રોલિયમ યુનિવર્સિટીએ આપણા રાજ્યની પ્રથમ પેટ્રોલિયમ યુનિવર્સિટી છે. જેનું કેમ્પસ ગાંધીનગર પાસે રાયસણ ખાતે આવેલું છે. પ્રસ્તુત યુનિવર્સિટી દ્વારા પેટ્રોલિયમ તેમજ એન્જિનિયરીંગને લગતા અભ્યાસક્રમો, મેનેજમેન્ટને લગતા અભ્યાસક્રમ / Ph.D. અભ્યાસ,ક્રમો ઉપરાંત અતિ ટૂંકાગાળાના (કલાકોની મુદત ધરાવતા) કેપ્સ્યૂલ કોર્સીસ ચલાવવામાં આવે છે.

પંડિત દિનદયાળ યુનિવર્સિટીના B.A. (ઓનર્સ), B.Com. (ઓનર્સ), તેમજ B.B.A. (લિબરલ સ્ટડીઝ)ના અભ્યાસક્રમો ખુબજ લોકપ્રિય બન્યા છે. પ્રસ્તુ યુનિવર્સિટીનો SLS (સ્કૂલ ઓફ લિબરલ સ્ટડીઝ) વિભાગ દ્વારા આવા અભ્યાસક્રમો ચલાવવમાં આવે છે. ક્રિએટીવ તેમજ મલ્ટી ટેલેન્ટેડ વિદ્યાર્થીઓને ઓફ - બીટ તેમજ ગ્લોબલ કારકિર્દી બનાવવા માટે આ અભ્યાસક્રમ ઉપયોગી સાબિત થાય છે. વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ કરતા આ અભ્યાસક્રમોની વિદેશોમાં ઘણી ડિમાન્ડ છે. જોકે આ અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા માટે પ્રવેશ પરીક્ષારૂપી પડકારનો સામનો કરવો પડે છે.

## 10. ઓપન યુનિવર્સિટી :

આપણા ગુજરાત રાજ્યમાં બે ઓપન યુનિવર્સિટીઓ આવેલી છે. 1) ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU) અને 2) ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી (BAOU). મોટી ઉંમરે પોતાનો અધૂરો રહેલો અભ્યાસ પૂર્ણ કરવા માટે આ યુનિવર્સિટીઓના અભ્યાસક્રમો શ્રેષ્ઠ વિકલ્પો બની રહે છે.

પ્રસ્તુત યુનિવર્સિટીઓમાં સર્ટિફીકેટ અભ્યાસક્રમો, ડિપ્લોમા અભ્યાસક્રમો, ડિગ્રી / સ્નાતક કક્ષાના અભ્યાસક્રમો, પોસ્ટ ગ્રેજ્યુએશન / અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમો, M.Phil, Ph.D. કક્ષાના અભ્યાસક્રમો ચલાવવામાં આવે છે.

ઉપરોક્ત સિવાય રાજ્યની સૌથી મોટી અને જૂની યુનિવર્સિટીઓમાં ગુજરાત યુનિવર્સિટી, ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી, ઉપરાંત અલગજ પ્રકારના વિવિધ અભ્યાસક્રમો ધરાવતી ધી મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી (એમ. એસ. યુનિવર્સિટી), IIM, IIT, NID, કૃષિ યુનિવર્સિટીઓ, ટ્રાઈબલ યુનિવર્સિટી, કામધેનુ યુનિવર્સિટી, નેશનલ લૉ યુનિવર્સિટી, સેન્ટ્રલ યુનિવર્સિટી, વિદ્યાપીઠો, ટેકનોલોજીકલ યુનિવર્સિટીઓ, યોગા યુનિવર્સિટી, સ્ટાર્ટઅપ & ઈનોવેશન યુનિવર્સિટી, વિવિધ પ્રકારની સ્કિલ શીખવતી ટીમલિઝ સ્કિલ યુનિવર્સિટી વગેરેનો પણ સમાવેશ થાય છે.

**[રાજેન્દ્ર ઉપાધ્યાય, 3બી જીવન સ્મૃતી સોસાયટી, મીરામ્બિકા માર્ગ, નારણપુરા, અમદાવાદ-380013 મોબાઈલ નં. 9327014077]**

---

યુવા $T_{20}$  વર્ષ 2015માં ગુજરાતમાં સ્થપાયેલી ગુજરાત યુનિવર્સિટી ઓફ ટ્રાન્સપ્લાનટેશન સાયન્સ (GUTS) એ ટ્રાન્સપ્લાનટેશન અને એલાઈડ સાયન્સીસની સમગ્ર વિશ્વમાં સ્થપાયેલી સૌ પ્રથમ યુનિવર્સિટી છે !



Sample output to test PDF Combine only